CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૪    શનિવાર તા.૧૮-૦૭-૨૦૨૬    અંક : ૨૧૭ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮


OAJ — Dedication · Honesty · Transparency

# OAJ INSTITUTE OF SCIENCE

Legacy of results continues

## NEET RESULT - 2026

NEET માં પણ સર્વશ્રેષ્ઠતા પુરવાર કરતું 'OAJ'

Join No.1 Institute of Gujarat

ALL INDIA RANK 78 — 695/720
સૌરાષ્ટ્ર - કચ્છ 1st
ગુજરાત 6th
ભાવનગર 1st
Eng. Med.
KHUSHAL THANTH

BHARAT BHADARKA 600/720 (Guj.Med.)
SRUSHTI GOHIL 610/720 (Guj.Med.)
DIVYESHA PARMAR 601/720 (Eng.Med.)

ALL INDIA RANK 1101 — 656/720
2nd
Guj. Med.
MILAN BARAIYA

| Name | Score | Medium |
|---|---|---|
| AKSHAY DHANDHLYA | 594/720 | Guj. Med. |
| NAYAN KATARIYA | 590/720 | Guj. Med. |
| JAY JANI | 580/720 | Guj. Med. |
| NAGRAJ MAYDA | 580/720 | Guj. Med. |
| JAYESH KUCHA | 573/720 | Guj. Med. |
| CHIRAG DODIYA | 567/720 | Guj. Med. |
| SURYADEEPSINH GOHIL | 567/720 | Eng. Med. |
| DHRUVIT DAVE | 566/720 | Eng. Med. |
| NIRAJ DABHI | 561/720 | Guj. Med. |
| KHUZAYAMA KAGDI | 558/720 | Eng. Med. |
| HEMAXI BORICHA | 555/720 | Guj. Med. |
| PARTH CHAUHAN | 555/720 | Guj. Med. |
| VIJAY PARMAR | 554/720 | Guj. Med. |
| RAJVEER VACHHANI (Biology 356/360) | 551/720 | Eng. Med. |
| JAYPAL BARAIYA | 551/720 | Guj. Med. |
| JAYRAJ PARMAR | 547/720 | Guj. Med. |
| DHRUVAL DUDHREJIYA | 546/720 | Guj. Med. |
| HETVI JADEJA | 546/720 | Guj. Med. |
| PRIYANSH MULANI | 544/720 | Guj. Med. |
| JAYSHREE KANTARIYA | 541/720 | Eng. Med. |
| SHIVAM SENTA | 540/720 | Guj. Med. |
| UTSAV PATEL | 535/720 | Guj. Med. |
| KARMRAJSINH GOHIL | 534/720 | Eng. Med. |
| PRATIK LOLIYANA | 534/720 | Eng. Med. |
| MANSI BARAIYA | 531/720 | Guj. Med. |
| RIKEN HADIYA | 531/720 | Guj. Med. |
| KRISH DHAMELIYA | 530/720 | Guj. Med. |
| AURA JOSHI | 529/720 | Eng. Med. |
| HUZEFA BHARMAL | 527/720 | Eng. Med. |
| VANDANA HADIYA | 527/720 | Guj. Med. |
| VAIBHAV KANOTARA | 522/720 | Guj. Med. |
| TANVI JETHAVA | 521/720 | Eng. Med. |
| PARTH VALA | 517/720 | Guj. Med. |
| HARSHAD CHAUHAN | 516/720 | Eng. Med. |
| VISHVARAJSINH MORI | 515/720 | Eng. Med. |
| ROHIT DIHORA | 513/720 | Guj. Med. |
| PALAK VAGHANI | 513/720 | Eng. Med. |
| HARSHDIP PATELIYA | 513/720 | Guj. Med. |
| MADHAVI HARKAT | 509/720 | Guj. Med. |
| LAXMAN CHOPADA | 509/720 | Guj. Med. |
| NILAY SOLANKI | 507/720 | Guj. Med. |
| TEJAS SONAGARA | 506/720 | Guj. Med. |
| DHRUVPALSINH MAKWANA | 505/720 | Guj. Med. |
| PRINCE KAMALIYA | 503/720 | Guj. Med. |
| DHRUV DABHI | 502/720 | Guj. Med. |

ADMISSION OPEN
RE-NEET



ઓજ ગુરુકુળ
બહારગામના વિદ્યાર્થીઓ માટે
*A Residential Unit*
OF
OAJ INSTITUTE
જ્યાં આપને મળશે
Premium Hostel Campus માં જ...



OAJ GURUKUL — राष्ट्रहित सर्वोपरि

KRISHNA-9879542542

## OAJ INSTITUTE OF SCIENCE
Plot No. 5, Hill Park to S.S. Engineering College Road, Sidsar Road, Bhavnagar-Gujarat.

74 33 05 05 05
www.oajinstitute.com


CMYK

### સપનાઓને સાકાર કરવા માટે ભૌતિક પરિસ્થિતિ નહીં, પરંતુ દૃઢ સંકલ્પ અને અડગ મનોબળ જરૂરી

# NEET: દેશમાં ૭૮મો રેન્ક મેળવી ભાવનગરનું ગૌરવ વધારતો વાળુકડ ગામનો ખેડૂત પુત્ર

**ઓજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સના તેજસ્વી વિદ્યાર્થી ખુશાલ ઠંઠની ઐતિહાસિક સિદ્ધિ**






ભાવનગર,તા.૧૮

સપનાઓને સાકાર કરવા માટે ભૌતિક પરિસ્થિતિ નહીં, પરંતુ દૃઢ સંકલ્પ અને અડગ મનોબળ જરૂરી છે એક વખત સાબિત થયું છે. ભાવનગર જિલ્લાના વાળુકડ ગામના વતની અને સામાન્ય ખેડૂત પરિવારના દીકરા ખુશાલ ઠંઠને NEET-UG 2026માં ૬૯૫ માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) ૭૮ પ્રાપ્ત કરીને માત્ર ઓજ સંસ્થા જ નહીં, પણ સમગ્ર ભાવનગરનું શિક્ષણ ક્ષેત્રે ગૌરવ વધાર્યું છે. ઐતિહાસિક સિદ્ધિ મેળવનાર ખુશાલે પોતાની અવિરત મહેનત, શિસ્ત અને સમર્પણથી સાબિત કરી દીધું છે કે સપનાઓને સાકાર કરવા માટે ભૌતિક પરિસ્થિતિ નહીં, પરંતુ દૃઢ સંકલ્પ અને અડગ મનોબળ જરૂરી છે. એક સામાન્ય ખેડૂત પરિવારના પુત્ર તરીકે પ્રાપ્ત કરેલી આ અદભૂત સિદ્ધિ માત્ર તેમના પરિવાર માટે જ નહી, પરંતુ સમગ્ર ભાવનગર અને ઓજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ માટે અત્યંત ગૌરવની વાત છે.

ખુશાલની આ સફળતા અને સિદ્ધિ ભાવનગરના અન્ય હજારો વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બનશે અને આવનારા વિદ્યાર્થીઓને વધુ ઊંચા લક્ષ્ય પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરશે.આ અસાધારણ સિદ્ધિ બદલ ઓજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ પરિવાર ખુશાલ ઠંઠને હાર્દિક અભિનંદન પાઠવે છે અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે મંગલ શુભેચ્છાઓ વ્યક્ત કરે છે.

# વેસ્ટર્ન રેલવે મજદુર સંઘનું જનરલ મેનેજરને આવેદનપત્ર કર્મચારીઓની વિવિધ માંગણીઓ અંગે ઉગ્ર રજૂઆત

### ક્વાર્ટર્સ, ટ્રાન્સફર, પરીક્ષાઓ અને એસી-કૂલરની સુવિધા સહિતના મુદ્દે સેક્રેટરી બી.એન.ડાભીની ટીમ દ્વારા પત્ર સુપ્રત કરાયો



ભાવનગર,તા.૧૮

વેસ્ટર્ન રેલવે મજદુર સંઘના ડીવિજનલ સેક્રેટરી બી.એન.ડાભી અને તેમની ટીમ દ્વારા ભાવનગર પીપાવાવની મુલાકાતે પધારેલા રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેને સ્ટાફની વિવિધ વાજબી માંગણીઓ સાથેનું એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન સંઘના હોદ્દેદારો દ્વારા કર્મચારીઓના હિતને લગતા અનેક મુખ્ય મુદ્દાઓની ગંભીરતાપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં ગાંધીગ્રામ સ્ટેશન પર નવી લોકો લોબીનું નિર્માણ કરવા, સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ અકસ્માતનો ભોગ બનેલા કર્મચારીઓને રજા-વળતર આપવા અને ઈંટર ડીવિજન તેમજ ઈંટર રેલવે ટ્રાન્સફરની અરજીઓનો ઝડપી નિકાલ કરવા માંગ કરાઈ છે. આ ઉપરાંત રેલવે ગેટ પર ગેટ કીપરોની સંખ્યા વધારવા, નવા ક્વાર્ટર્સના નિર્માણ, સ્ટેશન માસ્તર સહિતની વિવિધ પોસ્ટ માટે અટકેલી પરીક્ષાઓ તાત્કાલિક યોજવા તેમજ ફેબ્રુઆરી-૨૦૨૬થી બાકી રહેલા ટીએ અને ઓવરટાઈમના કેસોનો નિકાલ કરવા રજૂઆત થઈ છે. ઓફિસો અને ગેટ પર ગરમીથી બચવા એસી તથા કૂલરની વ્યવસ્થા કરવા અને રેલવે હોસ્પિટલના આધુનિકીકરણની માંગ પણ કરાઈ છે. જનરલ મેનેજરે આ તમામ સમસ્યાઓનો સમયસર ઉકેલ લાવવાની ખાતરી આપી છે.

# એકલવ્ય ભીલ સોસાયટીમાં જુગાર રમતા ૮ ખેલંદા ઝડપાયા

### પોલીસે રૂ. ૧૯,૨૬૦ની રોકડ રકમ અને જુગારના સાહિત્ય સાથે જુગારીઓને રંગેહાથ પકડ્યા



ભાવનગર,તા.૧૮

શહેરના ઘોઘારોડ પોલીસ સ્ટેશનના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ઘોઘારોડ વિસ્તારમાં આવેલી એકલવ્ય ભીલ સોસાયટીમાં મઢુલી પાસે ખુલ્લી જગ્યામાં રેઈડ પાડી હતી. આ સપાટા દરમિયાન પોલીસે જાહેરમાં પૈસા અને પાના વડે તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમી રહેલા આઠ શખ્સોને આબાદ ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓમાં પંકજ માવજીભાઈ પરમાર, કિશોર ઘુઘાભાઈ પરમાર, પ્રકાશ જેન્તીભાઈ પરમાર, નવીન જેન્તીભાઈ રાઠોડ, મુકેશ જેન્તીભાઈ ખેસ્તી, દિપક ચકાભાઈ ઝાપડીયા, અશોક રાજુભાઈ પરમાર અને શૈલેષ ઘુઘાભાઈ પરમાર (તમામ રહેવાસી: ભાવનગર) નો સમાવેશ થાય છે. પોલીસે કાર્યવાહી કરીને જુગારના સાહિત્ય સહિત કુલ રૂ. ૧૯,૨૬૦ની રોકડ રકમ સ્થળ પરથી જપ્ત કરી છે. ઘોઘારોડ પોલીસે પકડાયેલા આ તમામ આઠેય શખ્સો વિરુદ્ધ જુગારધારા એક્ટની કલમ ૧૨ હેઠળ ગુનો દાખલ કરીને આગળની ધોરણસરની કાયદેસરની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

## રથયાત્રામા મોબાઈલ ચોરીનો પર્દાફાશ:એક શખ્સ ૯ ફોન સાથે ઝબ્બે

ભાવનગર,તા.૧૮

ભાવનગર શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓની ભીડનો લાભ લઈ પીક પોકેટીગ કરતા અસામાજિક તત્વોને ડામવા પોલીસ એલર્ટ બની હતી. અને રથયાત્રાના રૂટ પર કડક વોચ રાખવામાં આવી હતી. આ ચુસ્ત બંદોબસ્ત દરમિયાન ચાવડી ગેટ પોલીસ ચોકી પાસેથી રમેશ ઉર્ફે રવિ સવજીભાઈ દિહોરા (રહે. નવાગામ) નામના ૨૫ વર્ષીય શખ્સને દર્શનાર્થીઓના ચોરેલા કુલ ૦૯ મોબાઈલ ફોન કિંમત રૂ. ૪૫,૦૦૦ સાથે રંગેહાથ ઝડપી લેવાયો હતો.

આ ઉપરાંત એલ.સી.બી. પોલીસે અલગ-અલગ વિસ્તારોમાંથી કુલ ૧૩ જેટલા શંકાસ્પદ ઈસમોને પકડી પાડી તેમની સઘન પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની આ ઓપરેશનલ સતર્કતાના કારણે રથયાત્રામાં ચોરીના કોઈ નોંધનીય બનાવો બન્યા નહોતા. તેમજ "તેરા તુજકો અર્પણ" અંતર્ગત મળી આવેલા મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા

**એન્ટી પીક પોકેટીંગ સ્કવોડની સતર્કતાથી ૪૫ હજારનો મુદ્દામાલ જપ્ત, ૧૩ શંકાસ્પદોની પૂછપરછ**

# પાલીતાણા શેત્રુંજય ડુંગર પર ચાતુર્માસમાં 'ગિરીરાજ સેવા'નું કરાયું વિશેષ આયોજન

### સિદ્ધગિરિ સેવા સંઘ દ્વારા ભાવિકો માટે આરાધના, ભક્તિ અને રહેવા-જમવાની નિ:શુલ્ક વ્યવસ્થા

ભાવનગર,તા.૧૮

૧૪ રાજલોકમાં શિરમોર એવા તીર્થશિરોમણિ શ્રી શેત્રુંજય ગિરીરાજની આરાધના અને સેવાનો લાભ ભાવિકોને મળે તે હેતુથી શ્રી સિદ્ધગિરિ સેવા સંઘ દ્વારા ચાતુર્માસ દરમિયાન "ગિરીરાજ સેવા"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંઘના આગેવાનોના જણાવ્યા મુજબ, દર વર્ષે કારતક સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૪ સુધી શ્રદ્ધાળુઓ નિયમિત યાત્રા કરે છે. પરંતુ ચાતુર્માસના ચાર મહિના દરમિયાન ગિરીરાજ પર આરાધકોની સંખ્યા ઓછી હોવાને કારણે થતી અનિષ્ટ પ્રવૃત્તિઓને રોકવા અને ગિરીરાજની આરાધના અવિરત ચાલુ રાખવા માટે સંઘ છેલ્લા ઘણા વર્ષોથી આ ભક્તિમય સેવાકાર્ય કરી રહ્યો છે.

આ ચાતુર્માસ સેવા અંતર્ગત જોડાવા ઈચ્છતા ભાવિકોએ ૩ દિવસ માટે પાલીતાણા રોકાવાનું રહેશે, જેમાં બીજા અને ત્રીજા દિવસે ગિરીરાજની મોટી ટુંક તથા નવ ટુંકની યાત્રા દ્વારા સેવા-ભક્તિનો લાભ અપાશે. આ દરમિયાન ભાવિકો માટે રહેવા તેમજ એકાશણા-બિયાશણા સહિતની તમામ વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવશે, જ્યારે આવવા-જવાની વ્યવસ્થા ભાવિકોએ સ્વખર્ચે કરવાની રહેશે. પાલીતાણા આવવાના ૨ દિવસ અગાઉ મેસેજથી જાણ કરવી ફરજિયાત છે.

આ ભક્તિ યાત્રામાં વ્યક્તિગત નોંધણી માટે આપેલા QR Code ને સ્કેન કરીને ઓનલાઈન ફોર્મ ભરી શકાય છે અથવા મોબાઈલ નંબર ૭૯૭૭ ૫૦૬ ૮૭૬ પર સંપર્ક કરવાનો રહેશે. જો કોઈ ગ્રુપમાં જોડાવા ઈચ્છતા હોય તો તેમણે ભાવિનભાઈ ઝોટાના મોબાઈલ નંબર ૯૮૨૦ ૬૭૨ ૨૦૩ પર તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે. ગ્રુપ બુકિંગમાં દિવસની પસંદગી મળશે નહી અને સંઘ દ્વારા ફાળવવામાં આવેલી તારીખે જ જોડાવાનું રહેશે.

# તળાજામાં કાર ધીમી ચલાવવાનું કહેતા દંપતી પર હુમલો, જાનથી મારી નાખવાની ધમકી

### ચોકમાં દીકરી રમતી હોવાથી વાહન ધીમું રાખવા ટોકતા બે શખ્સોએ અપશબ્દો કહી ઢીકાપાટુનો માર માર્યો

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના તળાજા શહેરમાં આવેલા દેવડી ચોક વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ચોકમાં બાળકો રમતા હોવાથી કાર ધીમે ચલાવવાનું કહેવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને બે શખ્સોએ એક દંપતીને બેરહેમપૂર્વક માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

પોલીસ મથકે નોંધાયેલી વિગતો અનુસાર, દેવડી ચોકમાં રહેતા સંજયકુમાર ધનસુખભાઈ બારૈયાની દીકરી ચોકમાં રમતી હતી. એ દરમિયાન આરોપી અહત પઠાણ ત્યાંથી પૂરઝડપે કાર લઈને નીકળતા સંજયકુમારે તેને બાળકોની સુરક્ષા ખાતર કાર ધીમી ચલાવવા કહ્યું હતું. આ સાંભળી ઉશ્કેરાયેલા આરોપીએ 'આ તારા બાપનો ચોક નથી' તેમ કહી ઝઘડો કર્યો હતો. ત્યાર બાદ અહત પઠાણ અને અનસ પઠાણ નામના બંને શખ્સોએ આવીને સંજયકુમાર તથા તેમના પત્નીને ગાળો આપી, ઢીકાપાટુ અને લાફા વડે માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

આ બનાવ અંગે સંજયકુમારે અહત અકબરભાઈ પઠાણ અને અનસ હબીબભાઈ પઠાણ વિરુદ્ધ તળાજા પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વેળાવદરમાંથી નશીલી કફ સિરપના જથ્થા સાથે એક ઝડપાયો, એક શખ્સ ફરાર

### નો ડ્રગ્સ ઈન ભાવનગર અભિયાનઃ ૨૪૦ બોટલ સહીત ૧.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત



ભાવનગર,તા.૧૮

ગુજરાત સરકારના "નશા મુક્ત ગુજરાત" અને જિલ્લા પોલીસના "NO DRUGS IN BHAVNAGAR" અભિયાન હેઠળ વેળાવદર (ભાલ) પોલીસે મોટી સફળતા મેળવી છે. યુવાધનને નશાના રવાડે ચઢાવતા અને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના ગેરકાયદેસર રીતે વેચાતા નશાકારક ડ્રગ્સ તથા સિરપના કાળાબજાર પર ભાવનગર પોલીસે લાલ આંખ કરી છે. જેમાં કફસિરપની બોટલોના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.

વેળાવદર પોલીસ કોન્સ્ટેબલને મળેલી ચોક્કસ બાતમીના આધારે, વેળાવદર (સનેસ) પોલીસની ટીમે નીરમા ચોકડી (સનેસ ચોકડી) પાસેથી એક શખ્સને અટકાવી પૂછપરછ કરતા તે શંભુભાઈ વાસુરભાઈ ચુડાસમા (ઉ.વ. ૨૨, વ્યવસાયઃ હીરા ઘસવાનો, રહે. ચીત્રા, ભાવનગર) વાળો હોવાનું જણાવેલ તેની તલાશી લેતા તેની પાસેથી નશાકારક કફ સિરપ (TRIPROLIDINE HYDROCHLORIDE AND CODEINE PHOSPHATE COUGH LINCTUS ANAREX T) ની બિનઅધિકૃત ૨૪૦ બોટલ (કિંમત રૂ. ૪૭,૫૨૦) મળી આવી હતી. પોલીસે સિરપ, બાઈક સહિત કુલ રૂ. ૧,૦૭,૫૨૦નો મુદ્દામાલ જપ્ત કરી NDPS એક્ટની કલમ ૮(સી), ૨૧(સી), અને ૨૯ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે.જ્યારે આમ સંડોવાયેલ અન્ય શખ્સ નાગજીભાઈ કાનજીભાઈ ચુડાસમા (રહે. કુંભારવાડા, ભાવનગર) ફરાર છે તેને પકડવા પોલીસે તપાસ હાથ ધરી છે. આ ઉપરાંતઆ નેટવર્કમાં અન્ય કોણ સંડોવાયેલું છે તેની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# વડવા તલાવડી વિસ્તારમાં જૂની અદાવતે તલવાર વડે હુમલો

### મામા સાથે સંબંધ રાખવાની દાઝમાં ભાણેજ પર છરી વડે જાન લેવા હુમલો કરાતા ચકચાર

ભાવનગર,તા.૧૮

શહેરના વડવા તલાવડી વિસ્તારમાં જોગીની ડેરી પાસે રહેતા અને મજૂરી કામ કરતા સંજયભાઈ ગોવિંદભાઈ પરમાર પર જૂની અદાવત રાખીને જાનલેવા હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, આશરે ૬ વર્ષ પહેલાં સંજયભાઈના મામા મહેન્દ્રભાઈ સોલંકી પર તલવાર વડે હુમલો કરીને તેમની આંગળીઓ કાપી નાખવામાં આવી હતી. આ ઝઘડા બાદ પણ સંજય તેના મામા સાથે સંબંધ રાખતો હોવાની દાઝ આરોપી નિરજ સોલંકી રાખતો હતો. ગત રોજ નિરજ પાનમાવો ખાવાના બહાને સંજયને બાઈક પર બેસાડી વિજય ટોકીઝ તરફ લઈ ગયો હતો. ત્યાં અચાનક બાઈકમાંથી છરી કાઢી તેણે સંજય પર આડેધડ ઘા ઝિંકી દીધા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સંજય પરમારને તાત્કાલિક ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. આ લોહિયાળ ખેલ અંગે સંજયભાઈએ નિરજ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા નિલમબાગ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ભાવનગરમાં રસોડાના નાડી વૈદ્ય આભોરજીનો મેડિકલ કેમ્પ યોજાશે

ભાવનગર,તા.૧૮

શહેરમાં આગામી સોમવાર, ૨૦ જુલાઈના રોજ એક વિશેષ આયુર્વેદિક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. 'રસોડાના વૈદ્ય' તરીકે જાણીતા નાડી વૈદ્ય આભોરજી આ કેમ્પમાં નાડી પરીક્ષણ દ્વારા દર્દીઓના અસાધ્ય રોગોનું સચોટ નિદાન કરશે અને રસોડામાં રહેલી ઘરગથ્થુ આયુર્વેદિક ઔષધિઓ દ્વારા સરળ ઉપચાર બતાવશે.આ કેમ્પ સરદારનગર સ્થિત મેઘાણી ઓડિટોરિયમના નાના હોલ ખાતે સવારે ૯.૦૦ વાગ્યાથી બપોરે ૧૧.૩૦ વાગ્યા સુધી યોજાશે. આધુનિક સમયમાં પરંપરાગત અને કુદરતી સારવાર પદ્ધતિથી રોગમુક્ત થવા માંગતા ભાવનગરના તમામ નાગરિકોને આ નિ:શુલ્ક કેમ્પનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કરાયો છે.

## ભાવનગર ઝોન કક્ષાએ ૨૦મીથી યોજાશે શાળાકીય રમત સ્પર્ધા

### સ્પર્ધામાં ભાગ લેવા ફોર્મ તા. ૨૯ જુલાઈ સુધી ભરી શકાશે

ભાવનગર,તા.૧૮

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિ વિભાગ,ગુજરાત સરકાર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર અને જિલ્લા રમતગમત કચેરી ભાવનગર દ્વારા આયોજિત સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) શાળાકીય રમત સ્પર્ધા ૨૦૨૬-૨૭ અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકા કક્ષા એ કુલ ૧૩ ઝોન માં અન્ડર-૧૪/૧૭/૧૯ ભાઈઓ-બહેનો કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, એથ્લેટિક્સ રમતોનું આયોજન તા.૨૦/૦૭/૨૦૨૬ થી કરવામાં આવનાર છે. આ દરેક સ્પર્ધામાં વિજેતા થનાર રમતવીર મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ ઉપરાંત મહાનગરપાલિકા કક્ષાએ કુલ ૪૪ રમતોની સ્પર્ધાનું આયોજન તા.૦૪/૦૮/૨૦૨૬ થી થનાર છે. આ તમામ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ આગામી દિવસોમાં રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા જશે. SGFI-2026 સંબધિત તમામ શાળાઓએ એન્ટ્રીની વિગત અને ફોરવડ'ગ લેટર સાથે શાળાના લેટર પેડ ઉપર આચાર્યના સહિ સિક્કા (ફરજીયાત કરાવવા). ઝોનની એન્ટ્રી સ્પર્ધા શરુ થયાના ૩(ત્રણ) દિવસ પહેલા અને મહાનગરપાલિકાકક્ષાની એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૦૭/૨૦૨૬ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,સીદસર રોડ,ભાવનગર ખાતે જમા કરાવવાની રહેશે.

# ગુજરાતના બીજા 'પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર'ની કેન્દ્રીય રાજ્યમંત્રી બાંભણિયાએ લીધી મુલાકાત

### અમદાવાદ બાદ ભાવનગરમાં શરૂ થયું દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોને સ્થાનિક સ્તરે જ આત્મનિર્ભર બનાવતું દેશનું આધુનિક કેન્દ્ર; સર. ટી. હોસ્પિટલ ખાતે કેન્દ્રીય મંત્રીએ લીધી વ્યવસ્થાઓની સમીક્ષા

ભાવનગર,તા.૧૮

ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાના સતત જનહિતના પ્રયાસોના પરિણામે ભાવનગર જિલ્લાને એક ગૌરવપૂર્ણ ભેટ સાંપડી છે. અમદાવાદ પછી સમગ્ર ગુજરાત રાજ્યનું બીજું 'પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર' હવે ભાવનગરમાં કાર્યરત થઈ ચૂક્યું છે. કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ આજે ભાવનગરની સર. ટી. હોસ્પિટલ ખાતે કાર્યરત આ નવનિર્મિત કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ, તકનીકી સાધનો અને સેવાઓની વિગતવાર સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ (DEPwD) તથા ALIMCO દ્વારા સંચાલિત આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને સન્માનજનક રીતે સ્થાનિક સ્તરે જ જરૂરી સહાયક ઉપકરણો પૂરા પાડવાનો છે. હવે ભાવનગર અને આસપાસના વિસ્તારના લાભાર્થીઓને વ્હીલચેર, ટ્રાઈસિકલ, કૃત્રિમ અંગો, શ્રવણયંત્ર (કાનનું મશીન), કોમોડ વ્હીલચેર, કમર-ઘૂંટણના સ્પેશિયલ બેલ્ટ અને અન્ય તબીબી સામગ્રી મેળવવા માટે બીજા મોટા શહેરો સુધી લંબાવું નહી પડે.

હાલમાં ALIMCO દ્વારા સમગ્ર દેશમાં આવા ૧૦૫ કાર્યરત પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્રો દ્વારા લાખો લોકોને મદદ પહોંચાડવામાં આવી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં ADIP અને રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ અંદાજે ૨૫ લાખથી વધુ જરૂરિયાતમંદોને રૂ. ૨૫૦ કરોડથી વધુના મૂલ્યના સહાયક સાધનોનું વિતરણ કરાયું છે. ભારત સરકારની આગામી પંચવર્ષીય યોજના અંતર્ગત વર્ષ ૨૦?૯ સુધીમાં દેશભરમાં આવા કેન્દ્રોની સંખ્યા વધારીને ૩૦૦ કરવાનો મોટો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ભાવનગરનું આ કેન્દ્ર સ્થાનિક સ્તરે વડીલો અને દિવ્યાંગોના ગુણવત્તાયુક્ત જીવન માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# મહુવા-સોમનાથ હાઈવે પર ગમખ્વાર અકસ્માત: બે બાઈક વચ્ચેની જોરદાર ટક્કરમાં યુવાનનું મોત

ભાવનગર, તા.૧૮

મહુવા-સોમનાથ નેશનલ હાઈવે પર આવેલા ગણપતિ મંદિર નજીક આજે બે મોટરસાઈકલ વચ્ચે અત્યંત હ્રદયદ્રાવક અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલા બંને બાઈક વચ્ચે સામસામે ધડાકાભેર ટક્કર થતાં વાહનોના ફુરચા ઊડી ગયા હતા અને ચાલકો રોડ પર ફગવાઈ ગયા હતા.આ દુર્ઘટનામાં મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ અહીં પૂજા-અર્ચનાનું કામ કરતા ૩૩ વર્ષીય યુવાન ગોપાલભાઈ બુસાભાઈ ડામોરને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

જયારે અન્ય એક બાઈક ચાલકને પણ શરીરે ગંભીર ઈજાઓ થતાં, સ્થાનિકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક છે. અકસ્માતને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલીને ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. પરપ્રાંતીય યુવાનના આ અકાળે અવસાનથી તેમના પરિવાર અને સ્થાનિકોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

# આધુનિક સંચાર પ્રણાલી સાથે ગુજરાતમાંથી રાષ્ટ્રીય કક્ષાએ ઉમરાળા ગ્રામપંચાયત પસંદગી પામી

## સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમ દ્વારા પંચાયત દ્વારા આધુનિકરણ અને ગ્રામવિકાસ સંદર્ભે મળ્યું સ્થાન

ભાવનગર,તા.૧૪

સમગ્ર ગુજરાતમાંથી ૪ પૈકી ૧ ઉમરાળા ગામને રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મળ્યું છે. સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમના નેતૃત્વ સાથે ગ્રામપંચાયત દ્વારા આધુનિકરણ ગ્રામવિકાસ સંદર્ભે આધુનિક સંચાર પ્રણાલી સાથે રાષ્ટ્રીય કક્ષાએ ઉમરાળા ગ્રામપંચાયત પસંદગી પામી છે.

પંચાયતીરાજ પ્રણાલીમાં હકારાત્મક રાજકારણ હોય તો સરપંચ અને ગ્રામપંચાયત સારા પરિણામો લાવી શકે છે.



આધુનિક સંચાર પ્રણાલી સાથે રાષ્ટ્રીય કક્ષાએ (ઈન્ડિયા એ આઈ પંચાયત મિશન અંતર્ગત) ભાવનગર જિલ્લાની ઉમરાળા ગ્રામપંચાયત પસંદગી પામી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને વિકસિત દષ્ટિકોણ (વિઝન ૨૦૪૭) સાથે વિકસિત ભારત સંકલ્પના અંતર્ગત ભાવનગર જિલ્લાનું ઉમરાળા ગામ સરપંચ ધર્મેન્દ્ર હેજમના નેતૃત્વ સાથે રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન પામી રહ્યું છે. આ વિભાગના વડા એભા પટેલ દ્વારા સરપંચ ધર્મેન્દ્ર હેજમને અપાયેલ અભિનંદન સંદેશા મુજબ સમગ્ર ગુજરાતમાંથી ૪ પૈકી ૧ ઉમરાળા ગામને રાષ્ટ્રીય કક્ષાએ (ઈન્ડિયા એ આઈ પંચાયત મિશન અંતર્ગત) સ્થાન મળ્યું છે.

સરપંચ ધર્મેન્દ્ર હેજમે આ પસંદગી માટે ગ્રામપંચાયતના હકારાત્મક અને વિકાસના દષ્ટિકોણ સાથે તમામ ગ્રામજનોનો સહયોગ કેન્દ્રમાં રહ્યાનું અને તંત્રવાહકો, પદાધિકારીઓ દ્વારા પૂરતું માર્ગદર્શન રહ્યાનું જણાવી એક પછી એક નમૂનેદાર વિકાસકાર્યો માટે સાથી સભ્યો પણ જવાબદારીમાં સહભાગી રહ્યાનો આણંદ વ્યક્ત કર્યો છે.

# ભાવ. પોલીસે એડવાન્સ ટેકનોલોજીની મદદથી ખોવાયેલી બેગ પરત અપાવી

ભાવનગર,તા.૧૮

ભાવનગરમાં એક નાગરિક ચિત્રાથી શિવાજી સર્કલ મુસાફરી દરમિયાન રિક્ષામાં ચાંદીના છડા સહિત રૂ. ૬૦૦૦ની મત્તાવાળી બેગ ભૂલી ગયા હતા. નેત્રમ ટીમે તાત્કાલિક શિવાજી તથા મોખડાજી સર્કલના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. જેમાં અરજદાર રિક્ષા નંબર GJ 04 AU 2961 માં પસાર થતા જોવા મળ્યા હતા. પોલીસે ટેકનોલોજીનો સચોટ ઉપયોગ કરી તુરંત રિક્ષાચાલકનો સંપર્ક કર્યો હતો અને અરજદારને તેમની કિંમતી બેગ સહીસલામત પરત અપાવી હતી.

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯–૨૭૧૪૭૨) ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૨(બીજો પ્રયત્ન) ૨૦૨૬-૨૭ આપવામાં આવેલ કામ માટે ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ અને સમય ૧૮.૦૦ કલાક સુધી તેમજ ટેન્ડર ખોલવા ની તારીખ તા.૨૯/૦૭/૨૦૨૬ અને સમય ૧૨.૦૦ કલાકે રહેશે.મુળ નિવીદા ની શરતો યથાવત રહેશે.

માહિતી-ભાવ-૪૧૪-૨૬

અનુ.પાના ૮નું શરૂ...

## કલ્પસર સાકાર થયે

દ્વારા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરીનો ઉલ્લેખ કરી વૈશ્વિક કક્ષાએ લોકભારતીની ભૂમિકા જણાવી અને જળ સંગ્રહ, ગૌ સંવર્ધન, કૃષિ સંશોધન વગેરેની વાત ઉમેરી હતી.આ પ્રસંગે સન્માન પત્રનું વાચન લોકભારતી વિશ્વવિદ્યાલયના વિશાલભાઈ ભાદાણીએ કર્યું હતું.અભિનવ સન્માન સમારોહ પ્રસંગે અગ્રણીઓ બેચરભાઈ ભાદાણી, ધનરાજભાઈ કૈલા, કમલનયનભાઈ સોજીત્રા અને દિલીપભાઈ સખિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## કૃષિ મંત્રી વાઘાણીના હસ્તે

ચોરાનું રિપેરિંગ અને નવીનીકરણ, નીલમબાગ સર્કલ નજીક આવેલા સ્વિમિંગ પુલનું નવીનીકરણ, ભગવતી સર્કલ પાસે મારુતિ યોગ આશ્રમ પ્રાથમિક શાળા નં. ૮૩ના રમતગમતના મેદાન ફરતે કમ્પાઉન્ડ વોલનું નિર્માણ તેમજ શાળામાં જરૂરી રિપેરિંગ અને રિનોવેશનના કામોનો સમાવેશ થાય છે.આ ઉપરાંત વિદ્યાનગર વિસ્તારની સ્વેતકમલ સોસાયટીમાં ડી.આઈ. પાણીની લાઈન નેટવર્ક અપગ્રેડેશન, માઢીયા રોડ શેરી નં. ૧ થી ૨૦માં રબર મોલ્ડેડ પેવિંગ બ્લોક તથા ડી.આઈ. પાણીની લાઈન અપગ્રેડેશન, માઢીયા રોડ બાથાભાઈના ચોકથી પાળાની પાછળ સી-આકારનો આર.સી.સી. રોડ, કુંભારવાડા વોર્ડના જવાહરનગર વિસ્તારમાં તમામ રસ્તાઓને આર.સી.સી. બનાવવાના કામો, ગોપાલનગર તથા આસપાસના વિસ્તારમાં ડ્રેનેજ લાઈન અપગ્રેડેશન, અક્ષરપાર્ક કુંભારવાડામાં ઈ.એસ.આર. અને સંપનું નિર્માણ તેમજ ઈ.એસ.આર. આધારિત પાણી પુરવઠા નેટવર્કનું અપગ્રેડેશન, રામદેવનગર અને ગીરનાર સોસાયટીમાં નેટવર્ક અપગ્રેડેશન, હાદાનગર–ઈન્દિરાનગર–નારી–ગઢેચી વડલા વિસ્તારમાં વિવિધ સ્થળોએ લાઈન અપગ્રેડેશન અને જોબવર્ક તેમજ વાંદિલાના નાળાથી અક્ષરપાર્ક સ્કૂલ સુધી પેવર રોડના કામોનો પણ સમાવેશ થાય છે.આ કાર્યક્રમમાં મેયર ઉષાબેન તલરેજા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઇ મહેતા, કમિશનર ડૉ.નરેન્દ્રકુમાર મીના, કોર્પોરેટરો સહિત વિવિધ વોર્ડના લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

# સિહોર આઈટીઆઈ ખાતે એડમિશન પ્રક્રિયાનો પ્રારંભ

ભાવનગર,તા.૧૮

સરકારી આઈ.ટી.આઇ., સિહોરમાં વેલ્ડર, ફીટર, વાયરમેન, ટુ વ્હીલર, કોપા, ૐ.જી.., રેફ્રીજરેશન, પ્લમ્બર વગેરે ટ્રેડમાં પ્રવેશ મેળવવા માટે બીજો રાઉન્ડ તા.૧૮/૦૭/૨૦૨૬ થી તા. ૨૨/૦૭/૨૦૨૬ સુધી શરુ રહેશે. વધુ માહિતી માટે આઈ.ટી.આઈ.-સિહોરનો રૂબરૂમાં સંપર્ક કરવા આચાર્યશ્રી આઈ.ટી.આઈ. સિહોરની અખબારી યાદીમાં જણાવાયુ આવે છે.

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

કેસ નં ૧૦૯/૨૦૨૬
મરણ તા.૦૧/૦૧/૧૯૯૫

શ્રી જેન્તીભાઈ નારણભાઈ રાઠોડ,
રહે.માઢીયા, તા.જિ.ભાવનગર

વિરુધ્ધ

તલાટી કમ મંત્રીશ્રી માઢીયા,
ગ્રામ પંચાયત કચેરી,મુ.માઢીયા,તા.જી.ભાવનગર

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મૃત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જેન્તીભાઇ નારણભાઇ રાઠોડ, રહે.માઢીયા, તા.જિ.ભાવનગર તેમના દાદી શ્રી લાડુબેન બચુભાઈ રાઠોડનું મરણ તા.૦૧/૦૧/૧૯૯૫ રોજ માઢીયા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

હુકમથી
(એમ.ડી.પરમાર)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ
મેજીસ્ટ્રેટ ભાવનગર




**મહુવા નગરપાલિકા, (જીલ્લો : ભાવનગર)**
**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ**

મહુવા નગરપાલિકા, જીલ્લો : ભાવનગર વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે.

કામ નં. ૧. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની " મુખ્યમંત્રી શહેરી સડક યોજના"ની ગ્રાન્ટ માંથી આર.સી.સી, ટ્રી મિક્સ, સી.સી. રોડ બનાવવાનું કામ,પેવર બ્લોક રોડબનાવવાનું કામ, કર્બીન તથા ફુટપાથ બનાવવાનું કામ,તથા વિગેરે કામોના વાર્ષિક ધોરણે ભાવો મગાવવાનું કામ. (પ્રથમ પ્રયત્ન)

| વાર્ષિક અંદાજીત રકમ | બીડ સિક્યુરીટી ઈ.એમ.ડી. | ટેન્ડર ફી. |
|---|---|---|
| રૂ.૦૮,૦૦,૦૦,૦૦૦/- | રૂ.૦૮,૦૦,૦૦૦/- | રૂ.૧૨,૦૦૦/- (નોન રીફંડેબલ) |

| | |
|---|---|
| વેબ સાઈટનું નામ | https://tender.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા..૨૦/૦૭/૨૦૨૬થી તા..૧૮/૦૮/૨૦૨૬ ના સાંજના ૦૬:૦૦ કલાક સુધી |
| જરૂરી ટેન્ડર ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ તથા સરનામું | તા..૨૪/૦૮/૨૦૨૬ ના સાંજના ૦૬:૦૦ કલાક સુધી (સ્પીડ પોસ્ટ/કુરિયર/રજીસ્ટર એ.ડી.) ચીફ ઓફિસર : મહુવા નગરપાલિકા, બજરંગદાસ બાપા ચોક, મહુવા-૩૬૪૨૯૦, |

સદર કામની વિગતવાર માહિતી ઉપર જણાવેલ વેબસાઈટ પરથી જોઈ શકાશે તથા મહુવા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો હક્ક-અધિકાર અનામત રાખે છે.

(પરાક્રમસિંહ ટી.મકવાણા) ચીફ ઓફિસર, મહુવા નગરપાલિકા.
(જયપાલસિંહ.એસ.વાળા.) ઉપપ્રમુખ મહુવા નગરપાલિકા.
(મિતલબેન.આર.જોષી) પ્રમુખ મહુવા નગરપાલિકા.

માહિતી-ભાવ-૪૧૬-૨૬

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

રજી નં.૨૨૮/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી અજય એમ, પરમાર
અરજદારશ્રી :- શ્રી અજીતભાઈ ભાયાભાઈ ઘોઘારી
મું.હરીપરા તા.મહુવા જી.ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. હરીપરા તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના હરીપરા ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્ર ઘોઘારી મયંક અજિતભાઈ નો જન્મ તા.૧૭/૦૬/૨૦૦૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહુવા

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

રજી નં.૧૮૨/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી એ.એમ.પરમાર
અરજદારશ્રી :- શ્રી એભલભાઇ જાલમભાઈ ગોહીલ
મું.વાઘવદરડા તા.મહુવા જી. ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. વાઘવદરડા તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના વાઘવદરડા ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્રી ગજરાબેન એભલભાઈ ગોહિલ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહુવા

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

રજી નં.૧૬૬/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી એ.એમ.પરમાર
અરજદારશ્રી :- શ્રી મગનભાઈ મોહનભાઈ બારૈયા
મું. નેસવડ તા.મહુવા જી. ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. નેસવડ તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના નેસવડ ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પત્ની અંજવાળીબેન મગનભાઈ બારૈયા નો મરણ તા.૨૬/૧૦/૨૦૦૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહુવા

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

રજી નં.૧૬૭/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી એ.એમ.પરમાર
અરજદારશ્રી :- શ્રી દિનેશ બાબુભાઇ વાઘેલા
મું. ૧૫૦ ગોરાગાંધી બીલ્ડીંગ, રૂમ નંબર ૨૮, ૨ જનો માળ કુંભારવાડો, ગોલ દેવલ મંદીર પાસે, મુંબઇ

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. બીલડી તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના બીલડી ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પિતા બાબુભાઈ છગનભાઈ વાઘેલા નો મરણ તા.૨૮/૦૪/૨૦૦૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહુવા

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં,મહુવા**

રજી નં.૨૦૮/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી એ.એમ.પરમાર
અરજદારશ્રી :- શ્રી ભવાનભાઈ હમીરભાઇ પરમાર
મું.ખારી તા.મહુવા જી. ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. ખારી તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ખારી ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્રી અરૂણાબેન ભવાનભાઈ પરમાર નો જન્મ તા.૧૫/૦૯/૧૯૯૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મહુવા

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

અરજી રજી.નં ૨૫૭/૨૦૨૬
જન્મ.તારીખ.૨૭/૦૬/૧૯૭૧

શ્રી ખોખર મહમદભાઇ અલીભાઇ,
રહે. બાનુબેનની વાડી શેરી નં.૧, નારી રોડ, કુંભારવાડા,
ભાવનગર. મો.૯૭૨૩૪૦૪૧૦૮

વિરુધ્ધ

વિરુધ્ધ જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલિકા કચેરી,ભાવનગર.

બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહમદભાઈ અલીભાઈ ખોખરએ તેમનો જન્મ તા.૨૭/૦૬/૧૯૭૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

હુકમથી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર ભાવનગર

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

અરજી રજી.નં ૨૫૮/૨૦૨૬
જન્મ.તારીખ.૦૪/૧૧/૧૯૭૩

શ્રી સમા નસીમબેન યૂસુફભાઇ,
રહે. પ્લોટ નં.૬૨, બાનુબાઈની વાડી નં.૩, કુંભારવાડા,
ભાવનગર. મો.૯૭૨૩૪૦૪૧૦૮

વિરુધ્ધ

વિરુધ્ધ જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલિકા કચેરી,ભાવનગર.

બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નસીમ અલારખ સંધીએ તેમનો જન્મ તા.૦૪/૧૧/૧૯૭૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

હુકમથી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર ભાવનગર

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

અરજી રજી.નં ૨૧૩/૨૦૨૬
જન્મ.તારીખ.૧૩/૧૧/૧૯૬૫

શ્રી મોહમદહૂસેન અલારખાભાઈ મીરાણી,
રહે. કે.જી.એન. મસ્જીદની સામે, મદ્રેસા ટ્રેડર્સની બાજુમાં, જોગીવાડની ટાંકી,
ભાવનગર. મો-૯૫૦૪૩૧૩૩૧૩

વિરુધ્ધ

વિરુધ્ધ જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલિકા કચેરી,ભાવનગર.

બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મોહમદહૂસેન અલારખાભાઈ મીરાણીએ તેમના ભાઈ મહમદહનીફ અલારખ મીરાણીનો જન્મ તા. ૧૩/૧૧/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

હુકમથી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર ભાવનગર

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

અરજી રજી.નં ૨૧૪/૨૦૨૬
જન્મ.તારીખ.૨૬/૦૧/૧૯૬૫

શ્રી જાનુબેન અલારખભાઈ ડૈરૈયા D/O સુલેમાનભાઈ રંગપરા,
રહે. મોટા પીરની દરગાહ પાછળ, તળાવ વિસ્તાર, પાલીતાણા,
ભાવનગર. મો-૯૫૦૪૩૧૩૩૧૩

વિરુધ્ધ

વિરુધ્ધ જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલિકા કચેરી,ભાવનગર.

બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જેતુનબેન સુલેમાનભાઈ રંગપરાએ તેમનો જન્મ તા.૨૬/૦૧/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

હુકમથી
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને સીટી મામલતદાર ભાવનગર

ભાવનગર આવૃત્તિ 8 તા. ૧૮-૦૭-૨૦૨૬, શનિવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







# કલ્પસર સાકાર થયે સૌરાષ્ટ્ર પ્રદેશ દેશમાં સૌથી વધુ પાણીદાર પ્રદેશ બનશે : કેન્દ્રીય જળશક્તિ મંત્રી પાટીલ

## લોકભારતી સણોસરામાં કલ્પસર કર્મયોગી વિનુભાઈ ગાંધીનો અભિનવ સન્માન સમારોહ યોજાયો


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૮

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા તથા કલ્પસર સહયોગ સમિતિ ગુજરાત દ્વારા કલ્પસર કર્મયોગી વિનુભાઈ ગાંધીનો અભિનવ સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રહેલાં જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ દ્વારા જણાવાયું કે, કલ્પસર સાકાર થયે સૌરાષ્ટ્ર પ્રદેશ દેશમાં સૌથી વધુ પાણીદાર પ્રદેશ બનશે.

વૈશ્વિક કક્ષાએ નોંધનીય બનનાર કલ્પસર યોજના માટે સક્રીય વિચારક અને માર્ગદર્શક વિનુભાઈ ગાંધીનો ગરિમાપૂર્ણ અભિનવ સન્માન સમારોહ લોકભારતી સણોસરામાં જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ નાં અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

મંત્રી સી. આર. પાટીલ દ્વારા ઉદબોધનમાં જણાવાયું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ અભિગમમાં પાણી સંગ્રહ અને તેની યોજનાઓ કેન્દ્રમાં રહેલી છે. કલ્પસર સાકાર થયે સૌરાષ્ટ્ર પ્રદેશ દેશમાં સૌથી વધુ પાણીદાર અને હરિયાળો પ્રદેશ બનશે. કેન્દ્ર સરકાર દ્વારા પીવાના પાણી તથા સિંચાઈ સંબંધી આંકડાકીય સ્થિતિ અને ઉપલબ્ધિઓ જણાવી સાથે જણાવ્યું હતું કે પાણી વાપરવું આપણો અધિકાર પરંતુ ધરતી માતાનું એ ઋણ છે, જે ચૂકવવું આપણી ફરજ છે જળસંગ્રહ માટે ભારપૂર્વક અનુરોધ કરી કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે સન્માનિત વિનુભાઈ ગાંધી દ્વારા કલ્પસર માટેના અભિયાન કાર્યોને વંદન કરીને પાણી સંગ્રહ સાથેની આ વિરાટ બહુહેતુક યોજના અંગે સરકાર ખૂબ સક્રિય હોવાની વાત જણાવી હતી.

સન્માનિત વિનુભાઈ ગાંધીએ અગાઉ નરેન્દ્રભાઈ મોદી દ્વારા કલ્પસર માટે કરાયેલ સંકલ્પ હવે સાકાર થશે તેવી આશા વ્યક્ત કરી અને ઉમેર્યું કે ખંભાતનો અખાત વિસ્તાર એ પ્રકૃતિએ આપણને આપેલી મોટી ભેટ છે, જ્યાં કલ્પસર સાકાર થશે.

કલ્પસર સહયોગ સમિતિ દ્વારા પુરષોત્તમભાઈ કમાણી અને મહાનુભાવોના હસ્તે આ સન્માન અર્પણ થયું હતું. આ સન્માનમાં મળેલ રૂપિયા ૧૧,૧૧,૧૧૧ રકમમાં રૂપિયા ૧૧,૧૧૧ ઉમેરીને આ પ્રવૃત્તિને સહયોગી બનવા આ રાશિ સન્માનિત વિનુભાઈ ગાંધીએ પરત અર્પણ કરી હતી.પ્રારંભે જીવરાજભાઈ સુરાણી (ધારૂકાવાળા) તથા લોકભારતી સંસ્થાના વડા અને લોકવૈજ્ઞાનિક શ્રી અરુણભાઈ દવેના હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે અરુણભાઈ દવેએ પ્રાસંગિક ભૂમિકા આપતાં સમગ્ર વિશ્વ માટે નમૂનો બનનાર કલ્પસર યોજના એ આપણું સદભાગ્ય ગણાવ્યું હતું. તેઓએ લોકભારતી (જુઓ પાનું ૬) ≫

# બગદાણામાં પાથરણાવાળી મહિલા વેપારીનો મહિલા પીઆઈ પર હુમલો

## રસ્તો ખુલ્લો કરાવવા ગયેલી પોલીસ સાથે ઘર્ષણ કર્યું, પોલીસની ફરજમાં રૂકાવટ મામલે બે સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા બાપાસીતારામ આશ્રમ પાસે આગામી ગુરુપૂર્ણિમાના તહેવારને લઈને યાત્રિકોની ભારે ભીડ રહેતી હોય છે. યાત્રિકોને ચાલવામાં અડચણ ન પડે તે માટે બગદાણા પોલીસ સ્ટેશનના પી.આઈ. કોમલબેન ખેતસિંહ રાઠોડ અને તેમનો સ્ટાફ આશ્રમના દરવાજા પાસે રસ્તા પરથી પાથરણાંવાળાઓને હટાવવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન શિલ્પાબેન ધીરુભાઈ રાઠોડ રહે. નવાગામ-રતનપર, તા મહુવા નામની મહિલા વેપારીએ પાથરણાં હટાવવાની ના પાડી પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી કરી હતી.

પોલીસ અને સાથેના લોકોએ સમજાવવા છતાં શિલ્પાબેને ઉશ્કેરાઈ જઈને "પટ્ટા ઉતરાવી દેવાની" ધમકી આપી હતી. મહિલાને સરકારી બોલેરોમાં પોલીસ સ્ટેશન લઈ જતી વખતે તેણીએ પોલીસ સાથે ઝપાઝપી કરી હતી અને પી.આઈ. કોમલબેનનો હાથ પકડી, જમણા હાથની આંગળી મચકોડી નાખીને ઈજા પહોંચાડી હતી. એટલું જ નહી, 'પોલીસ મને મારે છે' તેવો ખોટો આક્ષેપ કરવા તેણીએ જાતે જ પોતાના ગાલ પર થપ્પડો મારીને ચીસાચીસ કરી મૂકી હતી.

સાગર રાઠોડ નામના શખ્સે ફોન પર આપી ધમકી આ સમગ્ર ઘટનામાં શિલ્પાબેને સાગરભાઈ રાઠોડ (રહે.બેલમપર) નામના શખ્સને ફોન પર સ્પીકર ચાલુ રાખી વાત કરી હતી. સાગરે મહિલાને કાયદા વિરુદ્ધ કૃત્ય કરવા ઉશ્કેરણી કરી હતી અને પોલીસને ધમકી આપતા કહ્યું હતું કે, "હું સામાજિક દલિત કાર્યકર છું, કોણ પી.એસ.આઈ. કે પી.આઈ. છે? તેની શું તેવડ છે, હું જોઈ લઈશ."

આ બનાવમાં સૂર્યાસ્ત થઈ ગયો હોવાથી પોલીસે મહિલાની અટકાયત કરવાને બદલે તેને નજરકેદ રાખી હતી. પી.આઈ. કોમલબેન રાઠોડની ફરિયાદના આધારે બગદાણા પોલીસે શિલ્પાબેન અને ઉશ્કેરણી કરનાર સાગરભાઈ રાઠોડ વિરુદ્ધ સરકારી ફરજમાં રૂકાવટ, હુમલો, અને ધમકી આપવા સબબ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૧, ૧૨૧(૧), ૧૩૨, ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૪), ૨૮૫ અને ૫૪ મુજબ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોક્સો એક્ટ હેઠળ શખ્સની ધરપકડ નીલમબાગ પોલીસની ત્વરિત કાર્યવાહી



ભાવનગર,તા.૧૮

ભાવનગર શહેરમાં બાળ સુરક્ષાને લગતા ગંભીર કાયદા હેઠળ વધુ એક ગુનો નોંધાયો છે. શહેરના નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે શુક્રવાર, તા.૧૭ના રોજ એક યુવાન સામે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ગંભીર ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક એક્શન લઈ આરોપીને સળિયા પાછળ ધકેલી દીધો છે.

નિલમબાગ પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, ભાવનગર શહેરના રિંગ રોડ પર આવેલી શિવપાર્વતી સોસાયટીમાં પ્લોટ નંબર ૧૦૩ ખાતે રહેતા શિવમ સંજયભાઈ કોન્ડાલ્કર (ઉંમર વર્ષ ૨૯) નામના શખ્સ સામે પોક્સો હેઠળ ફરિયાદ નોંધાવાતા નીલમબાગ પોલીસ દ્વારા પોક્સો એક્ટની કલમ ૭૮(૨) મુજબ કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.ફરિયાદ નોંધાતાની સાથે જ નીલમબાગ પોલીસ એક્શનમાં આવી હતી અને આરોપી શિવમ કોન્ડાલ્કરને ઝડપી લીધો હતો. હાલમાં પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ કેસમાં વધુ સઘન તપાસ ચલાવી રહી છે.

# કૃષિ મંત્રી વાઘાણીના હસ્તે શહેરમાં રૂ. ૨૧.૨૨ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું

## વિકાસનો હેતુ માત્ર માળખાકીય સુવિધાઓ ઊભી કરવાનો નથી, પરંતુ નાગરિકોના જીવનને વધુ સુવિધાસભર, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત બનાવવાનો છે- જીતુભાઈ વાઘાણી


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૮

શહેરમાં નાગરિકોને વધુ સુવિધાસભર શહેરી માળખું ઉપલબ્ધ કરાવવાના હેતુસર SJMMSVY, અમૃત ૨.૦ તથા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારની ગ્રાન્ટ હેઠળ રૂ. ૨૧.૨૨ કરોડના ખર્ચે હાથ ધરાયેલા વિવિધ જનસુખાકારી વિકાસકામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે એક જ દિવસે કરવામાં આવ્યું હતું.

જનસુખાકારી વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમના પરિણામે શહેરમાં પાયાની સુવિધાઓ સતત વિસ્તરી રહી છે અને વિકાસની ગતિ વધુ વેગવાન બની છે.તેમણે કહ્યું કે, કુંભારવાડા વિસ્તારમાં ૨૦ લાખ લિટર ક્ષમતાનો સંપ અને ૧૫ લાખ લિટર ક્ષમતાની ઊંચી પાણીની ટાંકી કાર્યરત થતાં વિસ્તારના નાગરિકોને નિયમિત અને વધુ સુવ્યવસ્થિત રીતે પીવાનું પાણી મળી રહ્યું છે. આ સુવિધાથી વિસ્તારની પાણી પુરવઠા વ્યવસ્થા વધુ મજબૂત અને કાર્યક્ષમ બની છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં પાણી પુરવઠા, ડ્રેનેજ અને માર્ગ વ્યવસ્થાના સશક્તિકરણ માટે વિવિધ માળખાકીય વિકાસકામો અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. વાડીલા નાળાથી દસ નાળા સુધી આશરે રૂ. ૨૯ કરોડના ખર્ચે માર્ગ નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે, જ્યારે આગામી તબક્કામાં આશરે રૂ. ૮૦ કરોડના ખર્ચે આર.સી.સી. માર્ગોના નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠા અને ડ્રેનેજ નેટવર્કના અપગ્રેડેશનના કાર્યો પણ હાથ ધરવામાં આવ્યા છે.

કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, વિકાસનો હેતુ માત્ર માળખાકીય સુવિધાઓ ઊભી કરવાનો નથી, પરંતુ નાગરિકોના જીવનને વધુ સુવિધાસભર, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત બનાવવાનો છે. આ દિશામાં ભાવનગરમાં વિકાસના વિવિધ આયામોને સમાવી સતત કામગીરી કરવામાં આવી રહી છે. આગામી સમયમાં પણ નાગરિકોની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને વિકાસકામોને વધુ વેગ આપવામાં આવશે અને ભાવનગરને આધુનિક તથા સર્વાંગી વિકાસશીલ શહેર તરીકે વિકસાવવામાં આવશે.તેમ તેમણે ઉમેર્યું હતું.લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયેલા વિકાસકામોમાં ભીમ પાર્ક સોસાયટીમાં આર.સી.સી. રોડનું કામ, નારી ગામ ખાતે આવેલા જૂના (જુઓ પાનું ૬) ≫

# મહુવામાં ભાદ્રોડ રોડ પર પેટ્રોલ પંપે મારામારી રસ્તાના કામની અદાવતમાં ખેડૂત ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ વડે હુમલો કરી યુવાનના હાથે ફ્રેક્ચર કર્યું, પોલીસ ફરિયાદ દાખલ

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કંટાસર ગામે રહેતા અને ખેતી કરતા ૩૮ વર્ષીય સંજયભાઈ ભુપતભાઈ બાંભણીયા પર ભાદ્રોડ રોડ પર આવેલા રિલાયન્સ પેટ્રોલ પંપ પર જીવલેણ હુમલો કરાયાની ફરિયાદ નોંધાવતા મહુવા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંજયભાઈ દ્વારા નોંધાવાયેલી પોલીસ ફરિયાદ અનુસાર તેઓ તેમના ઓળખીતા રઘુભાઈ કાબાભાઈ આજરા, લાલજીભાઈ વાઘજીભાઈ વાસિયા અને કલ્પેશભાઈ સાથે રાત્રિના સમયે અર્ટીગા ગાડીમાં પેટ્રોલ પુરાવવા ગયા હતા. આ દરમિયાન રાતોલ ગામે રસ્તાના પુરાણનું કામ રાખવાની બાબતે અદાવત રાખીને લાલજીભાઈએ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. સંજયભાઈએ ગાળો બોલવાની ના પાડતા ત્રણેય શખ્સો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો.આ ઝઘડા દરમિયાન લાલજીભાઈ અને કલ્પેશભાઈએ ગાડીમાંથી લોખંડનો પાઈપ કાઢી સંજયભાઈના ડાબા હાથે ઉપરા છાપરી ઘા ઝીકી દીધા હતા. હુમલામાં સંજયભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ ત્રણેય આરોપીઓ અર્ટીગા ગાડી લઈને ત્યાંથી ફરાર થઈ ગયા હતા.દરમિયાન પેટ્રોલ પંપના કર્મચારી અને એક રાહદારીની મદદથી ઈજાગ્રસ્ત સંજયભાઈને મહુવાની વેદાંત હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ભોગ બનનાર સંજયભાઈની ફરિયાદના આધારે મહુવા પોલીસે રઘુભાઈ, લાલજીભાઈ અને કલ્પેશભાઈ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી.એ. કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી આરોપીઓને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અકવાડામાં ચાર મહિલા બુટલેગરોના છાપરેથી દેશી દારૂનો જથ્થો ઝડપાયો

## ઘોઘારોડ પોલીસનું સઘન પેટ્રોલિંગ અને બાતમીના આધારે મેગા ઓપરેશન

ભાવનગર,તા.૧૮

ભાવનગરની ઘોઘારોડ પોલીસ દ્વારા ઉપરકોટ અકવાડા વિસ્તારમાં પ્રોહિબિશનની બદીને ડામવા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પી.એસ.આઈ. જે.કે. પંડ્યા અને તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે રાત્રિના સમયે અકવાડા ગામમાં અલગ-અલગ ચાર સ્થળોએ ઉપરા છાપરી દરોડા પાડ્યા હતા.જેમાં ચાર મહિલા બુટલેગરોના છાપરામાંથી દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

ઘોઘારોડ પોલીસની આ કાર્યવાહી દરમિયાન ચારેય મહિલા આરોપીઓ પોતાના ઘરે હાજર મળી ન હતી, પરંતુ પંચોની રૂબરૂમાં તેમના છાપરામાં તપાસ કરતા મોટી માત્રામાં પ્લાસ્ટિકની થેલીઓ અને કોથળીઓમાં ભરેલો દેશી દારૂ મળી આવ્યો હતો જેમાં મધુબેન મનાભાઈ વાઘેલાના છાપરામાંથી ૨૨ લિટર દેશી દારૂ, ભાનુબેન કનુભાઈ વાઘેલાના છાપરામાંથી ૨૫ લિટર દેશી દારૂ, કાશીબેન ભીખાભાઈ વાઘેલાના છાપરામાંથી ૧૫ લિટર દેશી દારૂ તેમજ રેખાબેન સુરેશભાઈ વાઘેલાના છાપરામાંથી ૨૩ લિટર દેશી દારૂ મળીને કુલ રૂ. કુલ ૧૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રેડ સમયે ફરાર થઈ ગયેલી આ ચારેય મહિલાઓ વિરુદ્ધ પાસ-પરમિટ વગર ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો રાખવા બદલ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(ઈ) અને ૬૫(એ.એ.) મુજબ અલગ-અલગ ગુના નોંધી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બુઢણામાં 'મંજુલા સરોવર'નું લોકાર્પણ

# જળ સંચયને જનઆંદોલન બનાવવાની કેન્દ્રીય મંત્રીની હાકલ

ભાવનગર,તા.૧૮

શિહોર તાલુકાના બુઢણા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના સમાજસેવી અનુભાઈ તેજાણીના સૌજન્યથી નિર્મિત 'મંજુલા સરોવર'નું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે તથા ઊર્જા અને ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ડી.બી. તેજાણી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે યોજાયેલા સમારોહમાં સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, જળ સંચય માત્ર સરકારી યોજના નથી, પરંતુ જનભાગીદારીથી સફળ બનતું રાષ્ટ્રવ્યાપી અભિયાન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જળ જીવન મિશન અંતર્ગત દેશમાં ૧૬ કરોડથી વધુ ઘરોમાં નળ દ્વારા પાણી અપાયું છે અને ૨૦૨૮ સુધી બાકીના ૩ કરોડ ઘરોમાં પણ નળ જોડાણ પૂર્ણ કરવાનો સંકલ્પ છે.

તેમણે ઉમેર્યું કે, દરેક પરિવારે પોતાના ઘરના ધાબાનું વરસાદી પાણી રિચાર્જ પિટ દ્વારા જમીનમાં ઉતારવું જોઈએ. પાણી વાપરવાના અધિકારની સાથે તેને ધરતીને પરત આપવાની જવાબદારી પણ આપણી જ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને સેવાભાવી આગેવાનો દ્વારા જળ સંચય માટે થઈ રહેલા આવા પ્રયાસો સમગ્ર રાજ્ય માટે પ્રેરણારૂપ છે. આવતી પેઢીને સંપત્તિ કરતાં પાણીનો વારસો આપવો એ આજની મોટી જવાબદારી છે. આ પ્રસંગે પૂર્વ સાંસદ રમેશભાઈ ધડૂક, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ સરવૈયા, મામલતદાર એચ.વી. જાંબુચા, ટીડીઓ એમ.બી. રાવ, દિગ્વિજયસિંહ ગોહિલ, અનુભાઈ તેજાણી, જીવરાજભાઈ ધારુકાવાલા સહિત ગીરગંગા પરિવાર ટ્રસ્ટના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.





## વરસાદી પાણી જમીનમાં ઉતારવાનો સંકલ્પ જ ભાવિ પેઢી માટે સાચું રોકાણ: પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિ